# ત્રણ જ દિવસમાં શહેરમાં ઠંડીની માત્રા અડધી થઈ ગઈ

**લઘુત્તમ તાપમાન શનિવારે જે ૯.૫ ડિગ્રી સે. હતુ તે આજે ૧૬.૮ ડિગ્રી સે. નોંધાયુ : ઠંડી ઘટી જતા શહેરીજનોને રાહતનો અનુભવ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના વાતાવરણમાં ફરીથી પલ્ટો આવ્યો છે અને શહેરમાં ગત સપ્તાહે પડી રહેલી કડકડતી ઠંડીમાંથી શહેરીજનોને અત્યંત રાહત પ્રાપ્ત થવા પામી છે. શહેરમાં જે ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની અંદર ગગડી ગયો હતો તે હવે વધીને લઘુત્તમ તાપમાન આજે ૧૬.૮ ડિગ્રી સે. નોંધાતા શહેરીજનોએ રાહતનો દમ લીધો છે. છેલ્લા માત્ર ત્રણ જ દિવસમાં ઠંડીનું પ્રમાણ અડધુ થઈ જવા પામ્યું છે.

આ વર્ષે શિયાળામાં તાપમાનમાં ઘણી બધી ચડ ઉતર જોવા મળી રહી છે અને તે સાથે શહેરીજનોને રેકોર્ડબ્રેક ઠંડીનો પણ અનુભવ થવા પામ્યો છે. કાશ્મિર ખીણમાં થયેલી હીમવર્ષાને પગલે એક સમયે શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સે. થી ખૂબ નીચે ઉતરી જવા પામ્યું હતુ તેમજ પવનના સુસવાટા પણ અનુભવાયા હતા. હજુ ત્રણ દિવસ પૂર્વે તા. ૨જી ફેબ્રુઆરીના રોજ લઘુત્તમ તાપમાન ૯.૫ ડિગ્રી સે. હતુ જે ગઈકાલે તા. ૩જી ફેબ્રુઆરીએ ૩ ડિગ્રીથી વધુ વધીને ૧૨.૮ ડિગ્રી સે. પહોંચ્યુ હતુ અને આજે ફરી લઘુત્તમ તાપમાનમાં સીધો ૪ ડિગ્રીનો વધારો નોંધાતા તે ૧૬.૮ ડિગ્રી સે. પહોંચવા પામ્યું છે. આમ માત્ર ત્રણ જ દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો બમણો થઈ જવા પામ્યો છે જેના કારણે ઠંડીનું પ્રમાણ અડધુ થઈ જતા શહેરીજનો રાહત અનુભવી રહ્યાં છે.

## ઠંડીનુ વધુ એક મોજુ ૮મીથી

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે પુનઃ ઠંડીનો ચમકારો આવી શકે. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં ફેબ્રુઆરીના આવનાર દિવસોમાં પણ ઠંડીનો ચમકારો આવી શકે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં, કચ્છના ભાગોમાં પણ ઠંડી રહે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ ઠંડીની શક્યતા રહે. વલસાડ, નવસારીના ભાગોમાં ઠંડી રહે. હાલમાં ન્યુનતમ તાપમાન વધતાં ઠંડી ઘટવામાં છે. પરંતુ તા. ૮, ૯ અને ૧૦માં ઠંડીનો ચમકારો પુનઃ આવી શકે તેમ છે અને કેટલાક ભાગોમાં ન્યુનતમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની શક્યતા રહેશે. આગામી બે દિવસોમાં હવામાનમાં પલટો આવે. તા. ૬, ૭ અને ૮ તારીખમાં પવનનું જોર વધે. ઠંડા પવનો ફુંકાય, પવનની દિશા પણ બદલાય. ૧૦, ૧૧ તારીખમાં પણ પવનની દિશા બદલાય અને ઠંડી રહે. હજુ પણ તા. ૧૪ પછી પણ દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં ભારે હિમવર્ષાની વકી રહેશે. હાલમાં પશ્ચિમી વિક્ષેપના કારણે વાદળો આવતાં ઠંડી ઘટવામાં છે. રાજસ્થાનના ભાગોમાં કમોસમી વરસાદની પણ શક્યતા રહે.



શિયાળાની સાંજ - શિયાળાનું પણ એક સૌંદર્ય છે... વિશેષ કરીને શિયાળાની સંધ્યા સોળે કળાએ ખીલે છે... દિવસનો અંત અને રાતનો પ્રારંભ... દરરોજ બનતી ખગોળિય ઘટના ક્યારેક યાદગાર બની જાય છે... ગાંધીનગર શહેરના રાજમાર્ગ પરથી શિયાળાની સલુણી સંધ્યા કેમેરામાં કેદ કરાઈ હતી... અલૌકિક સૌંદર્ય, અદ્દભૂત રંગપૂરણી, અનોખો નૈસર્ગિક નજારો.... જીવનને ઉર્જામય બનાવે છે... રોજીંદી ભાગદોડમાંથી થોડોક સમય કાઢીને પણ પ્રકૃતિના વૈભવને માણવાથી મન પ્રફુલ્લિત કરે છે...

## છેલ્લે.. છેલ્લે..

- ધારાસભ્ય આશાબેન પટેલના રાજીનામાના પ્રકરણે મહામંત્રી કિર્તીસિંહ ઝાલા અન્ય હોદ્દેદારો સાથે દિલ્હીમાં રાહુલ ગાંધી સમક્ષ રજુઆત કરશે.
- પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સામે છ થી આઠ ધારાસભ્યોએ બાંયો ચઢાવી છે. હાઈકમાન્ડ સમક્ષ રજુઆત કરાશે.
- દૂધસાગર ડેરીએ દૂધ ખરીદીમાં રૂ. ૨૫નો વધારો કર્યો : પશુપાલકો માટે સારા સમાચાર.
- આશાબેન પટેલ ગુજરાત બહાર : ત્રણ દિવસ બાદ પરત ફરશે.
- રાજયભરમાં સ્વાઈન ફ્લુ તાવના ૬૫ કેસ દાખલ : ૨ના મોત.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલના કર્મચારીઓની હડતાલ : પડતર માંગણીઓને લઈ હડતાલ.
- ભાવનગર યુનિવર્સિટીના રજીસ્ટ્રાર સામે ફરિયાદ! આરટીઆઈમાં ખોટી વિગતો આપવા બદલ ફરિયાદ દાખલ.
- બનાસકાંઠાના વાવ પાસે નર્મદા કેનાલમાં ચાર યુવતીઓએ ઝંપલાવ્યું : ત્રણના મૃતદેહ મળ્યા.
- મુખ્યમંત્રી વિજય રૂપાણી કુંભમેળામાં કુંભસ્નાન કરવા જશે જયારે મંત્રીમંડળના સભ્યો ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપતભાઈ વસાવા, વિભાવરીબેન દવે કુંભમેળામાં જવા રવાના થયા.
- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જૂનાગઢના મીની કુંભમેળાની મુલાકાત લેશે : આમંત્રણ પાઠવવામાં આવ્યું.
- કેન્દ્રીય ચૂંટણીપંચની ૧૫ થી ૧૭ દરમિયાન બેઠક યોજાશે : લોકસભાની ચૂંટણી સંદર્ભે મહત્વની બેઠક.
- વડોદરાના બોડેલી પાસે નર્મદા કેનાલમાં અસંખ્ય માછલીઓના મોત : ચાર ગામોને અપાતા પાણી બંધ કરાયા.

# ગુડાના મકાનમાં રહેતા ભાડુઆતોની ચકાસણી હજુ પણ ચાલુ રહેશે

**ચાર મકાનો સીલ કર્યા બાદ હજુ નોટીસ આપવાની કાર્યવાહી ચાલુ**

ગાંધીનગર તા ૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્માણ કરાયેલા ગરીબ અને મધ્યમવર્ગના મકાનો ભાડે આપવાના મામલે ગુડાના તંત્રએ કડક વલણ અપનાવી મકાનો સીલ કરવાની પ્રક્રીયા શરૂ કરતા આવાસ ધરાવતા મકાન માલિકોમાં ફફડાટ વ્યાપ્યો છે. ગુડાનુ મકાનમાં રહેવાના બદલે ભાડે આપવાની નિતી સામે ગુડાએ આકરા પગલા લેવાનુ શરૂ કર્યુ છે. ગુડાએ ચાર જેટલા મકાનોને સીલ પણ કરી દીધા છે. જયારે અન્ય મકાનોમાં ભાડુઆત રહેતા હોય તેવા કિસ્સામાં નોટીસ આપવામાં આવી રહી છે. જેના લીધે ગુડાના આવાસોમાંથી ભાડુઆતોને દુર કરવા માટે પણ મકાન માલિકોએ ગતિવિધિઓ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગરીબ અને મધ્યમવર્ગના પરિવારજનો માટે રાયસણ ,ચિલોડા તેમજ અડાલજ વિસ્તારમાં અગાઉ આવાસૌ તૈયાર કરાયા હતા. જયારે હજુ પણ સરગાસણ અને કુડાસણમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ અગાઉ આવાસોનો કબજો લીધા બાદ મકાન માલિકો દ્વારા મકાન ભાડે આપવાની નિતી અપનાવતા સ્થાનિક રહીશોમાં પણ ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે હવે ગુડા દ્વારા આ મામલે આકરા પગલા લેવાનુ શરૂ કરાયુ છે ગુડાએ આ મકાનો સીલ કરવાનુ પણ શરૂ કરી દીધુ છે. તંત્ર દ્વારા અત્યાર સુધી ચાર મકાનો સીલ કરી દેવાયા છે.જયારે અન્ય ૨૫ કિસ્સામાં નોટીસ આપવામાં આવી છે. ગુડાની આ કામગીરીથી મકાન માલિકો તેમજ ભાડુઆતોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. આગામી દિવસોમાં પણ ગુડા દ્વારા ભાડુઆતના કિસ્સામાં મકાનો સીલ કરવાની કાર્યવાહી ચાલુ રહેશે જયારે નોટીસના અંતે પણ ભાડુઆતો મકાન ખાલી નહી કરે તો ગુડા આ મકાનો સીલ કરી કબજો લઈ લેશે.

## પંચાયતમાં બદલી-બઢતીના હુકમો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ત્રણ નાયબ ચીટનીસ સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જ્યારે બે કર્મચારીઓને જુનિયર ક્લાર્કમાંથી સિનીયર ક્લાર્કમાં બઢતી આપતા હુકમો કરવામાં આવ્યા છે. જે નાયબ ચીટનીસ સંવર્ગના અધિકારીઓની બદલી થઈ છે તેમાં પ્રકાશ પરમાર, સંજય ચૌહાણ અને ભાગ્યેશ શાહનો સમાવેશ થાય છે. જ્યારે જુનિયર ક્લાર્ક તરીકે ફરજો બજાવતા સંજય કડલીયાને સિની. ક્લાર્ક તરીકે બઢતી આપી ગ્રામ વિકાસ એજન્સી ખાતે અને ગ્રામ વિકાસ એજન્સીના સિનીયર ક્લાર્ક રાકેશ શાહને સિંચાઈ વિભાગમાં ઉપરાંત જુનિ. ક્લાર્ક દામિનીબેન પટેલને બઢતી આપી સિની. ક્લાર્ક તરીકે બ્લોક હેલ્થ ઓફિસ ખાતે નિમણુંક આપવામાં આવી છે.

# સ્માર્ટસીટીની સીટી પ્રોફાઈલ તૈયાર કરી વિગતો મોકલવા સૂચના

ગાંધીનગર, તા. ૪

ભારત સરકારે સ્માર્ટસીટીને લઈ પસંદ થયેલા શહેરો પાસેથી હવે સીટી પ્રોફાઈલ માંગી છે.

મળતી વિગતો પ્રમાણે આ સીટી પ્રોફાઈલ તૈયાર કરવા માટે ૩૦થી વધુ મુદ્દાઓને ધ્યાને રાખી તે તૈયાર કરવાની રહેશે તેવી સ્પષ્ટ સૂચનાઓ પણ સરકાર દ્વારા આપવામાં આવી છે.

બિન સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં ગુનાખોરીના પ્રમાણમાં ઘટાડો થયો કે કેમ ? માર્ગ-અકસ્માતની સંખ્યામાં વધારો કે કેમ ? સ્માર્ટ સીટી યોજના અંતર્ગત થયેલ કામગીરીને પગલે શહેરીજનોના જીવન ધોરણમાં કેવો બદલાવ જોવા મળ્યો ? સ્માર્ટ સીટીમાં અત્યાર સુધી કેટલા કામો હાથ ધરાયા ?

● અનુસંધાન પાન-૭ પર

# બોરીજ અને સેક્ટર-૧૪માંથી સ્વાઈન ફ્લુના કેસ મળી આવ્યા

**બોરીજની ૮ વર્ષની દિકરી અને સે. ૧૪ના વૃદ્ધ સ્વાઈન ફ્લુની ઝપેટમાં આવ્યા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફ્લુના વધુ બે કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાંથી અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૭૫ર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામની એક ૮ વર્ષીય દિકરીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ દિકરીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સે. ૧૪માંથી એક ૬૩ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં ૮ વર્ષની બાળાને સ્વાઈન

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસ દ્વારા લોકસંપર્ક અભિયાનના ભાગરૂપે ખાટલા બેઠકો આરંભાઈ



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોંગ્રેસ દ્વારા આજથી ખાટલા/ઓટલા બેઠકોનો આરંભ થયો છે. આજે વોર્ડ નં. ૭માં લોકસંપર્ક અભિયાનની સાથે સાથે આ ઓટલા બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનો સારો પ્રતિસાદ મળતાં કોંગ્રેસમાં એક નવી ચેતનાનો સંચાર થવા પામ્યો છે.

આજે આ અભિયાનના આરંભ પૂર્વે શહેર કોંગ્રેસ સમિતિની સવારે કોંગ્રેસ કાર્યાલય ખાતે કારોબારીની બેઠક મળી હતી. જેમાં કાર્યકરોને રાજકીય વ્યુહરચનાને લઈ માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા.

આ કારોબારી બેઠકમાં પ્રદેશ નિરીક્ષકો, પ્રદેશ હોદ્દેદારો તેમજ ધારાસભ્ય ડૉ. ચાવડા ઉપરાંત ઝોન પ્રમુખ, તમામ સેલના કન્વીનરો અને હોદ્દેદારો, કાઉન્સીલરો,વોર્ડ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

શહેર પ્રમુખ ડૉ. શાહના અધ્યક્ષપદે મળેલી કારોબારી બેઠકમાં પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશમંત્રી જયદીપ ઠાકોર, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહે કાર્યકરોને લોકસંપર્ક અભિયાન અને ખાટલા/ઓટલા બેઠકમાં વાતો કેવી કરી, મતદારના મનને જાણવુ તેમજ તેને કોંગ્રેસ તરફી બનાવવો તેને લઈ માર્ગદર્શન આપ્યુ હતુ.

વોર્ડ નં. ૭માં યોજાયેલ ખાટલા/ઓટલા બેઠક ઉપરાંત લોકસંપર્ક અભિયાનને પણ સારો પ્રતિસાદ મળતાં કોંગ્રેસની સ્થાનિક નેતાગીરીમાં ઉત્સાહનો સંચાર થયો હતો.

# બોર્ડ પરીક્ષાના આડે હવે ગણતરીના દિવસો વિદ્યાર્થીઓ ગળાડુબ તૈયારીમાં લાગી ગયા

**શાળાઓમાં પરીક્ષાર્થીઓનો હાઉ અને મુંઝવણો દુર કરવા માટે સેમિનાર તેમજ મોક ટેસ્ટ સહીતના કાર્યક્રમોનુ આયોજન**

ગાંધીનગર તા ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૩૦ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ પ્રથમવાર બોર્ડની પરીક્ષા આપશે આ ઉપરાંત ધો - ૧૨ ની પરીક્ષાને અનુલક્ષીને પણ વિદ્યાર્થીઓ હાલ ગળાડુબ તૈયારીમાં છે. ત્યારે બોર્ડના વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએ ખાસ સેમિનારનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરીક્ષાના આડે હવે માત્ર ૨૮ દિવસો જ બાકી હોવાથી વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો હાઉ દુર થાય તેમજ તેમને સતાવતી મુંઝવણો અને પ્રશ્નોના હલ માટે શાળાઓ તેમજ ટયુશનના વર્ગોમાં પણ વિવિધ શૈક્ષણિક ટેસ્ટ તેમજ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૭ માર્ચથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને માત્ર હવે ૨૮ દિવસ જેટલો સમય જ આડે રહ્યો હાવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાની ગળાડુબ તૈયારીમાં લાગી ગયા છે. બોર્ડની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓએ આગળની કારકીર્દી પણ નક્કી કરવાની હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાને અનુલક્ષી જલ્દીથી તણાવનો ભોગ બનતા હોય છે. જયારે પરીક્ષાનો હાઉ પણ વિદ્યાર્થીઓના મનમાં ઘર કરી જાય છે. વિદ્યાર્થીઓના મનમાંથી પરીક્ષાનો હાઉ દુર કરવા માટે તેમજ આગામી પરીક્ષાને અનુલક્ષી પ્રત્યેક વિદ્યાર્થી આયોજન બધ્ધ રીતે તૈયારી કરી શકે તે માટે માર્ગદર્શન પુરુ પાડવા માટે પણ શાળાકક્ષાએ સેમિનાર તેમજ મોક ટેસ્ટ સહીતના શૈક્ષણિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરીક્ષાની મોસમ નજીકમાં છે. ત્યારે વિદ્યાર્થીઓને સતાવતી મુંઝવણ દુર કરવા માટે પણ શાળા કક્ષાએ સેમિનારનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત શાળાઓ તેમજ ટયુશનના વર્ગોમાં પણ આખરી તબક્કાની તૈયારીઓને અનુલક્ષી પરીક્ષાર્થીઓ માટે ટેસ્ટનુ આયોજન કરાઈ રહ્યુ છે. બોર્ડની પરીક્ષાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના જોવા મળી રહી છે.

# ગાંધીનગર ડેપોમાં આજે નવી ૨૫ બસોનુ લોકાર્પણ કરાશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં આજે નવી ૨૫ બસોનુ લોકાર્પણ કરવામાં આવશે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી

**જુની અને કંગાળ બસો દુર કરી નવી બસો શહેરી બસ સેવામાં દોડાવાશે**

બસ સેવામાં આ નવી બસો મુકવામાં આવશે. જયારે જુની અને કિલોમીટર પુરી થઈ ગયેલી બસોને દુર કરી નવી બસો મુકાશે. જુની અને ખખડધજ એસ ટી બસોના સ્થાને હવે શહેરી બસ સેવામાં નવી બસો દોડાવાશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે રોજબરોજ ૧૦૬ જેટલી બસો દોડે છે.જયારે સચિવાલય સહીત વિવિધ સરકારી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ એસ ટી બસના માધ્યમથી રોજ અપડાઉન કરે છે. આ માટે કર્મચારીઓને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા પોઈન્ટ બસ સેવા પણ ચાલી રહી છે. આ ઉપરાંત ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. શહેરમાં સ્થિત અનેક વિધ સરકારી કચેરીઓના લીધે કર્મચારીઓની સાથે મુલાકાતીઓની અવરજવર પણ વધુ હોય છે. ત્યારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરનારાઓ ઉપરાંત બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ નોંધપાત્ર જોવા મળે છે. જો કે એસ ટી તંત્રની પુરતી બસ સેવાના અભાવ વચ્ચે મુસાફરોએ ઘણીવાર બસ સેવા માટે વલખા મારવા પડે છે. પરંતુ નવા કન્ડકટરો સહીત ઘટતા સ્ટાફની ભરતીના અંતે પણ બસ સેવા અસરકારક બનાવવા પ્રયાસ ચાલી રહ્યા છે. બીજીતરફ આજે એસ ટી નિગમ દ્વારા નવી બસો મુકવાનુ આયોજન પણ કરાયુ છે. એસ ટી ડેપોમાં મંગળાવારે સવારે ૧૦:૩૦ કલાકે નવી બસોનુ લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે વાહન વ્યવહાર મંત્રી આર સી ફળદુ, રાજય કક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, અગ્ર સચિવ સુનયના તોમર ઉપસ્થિત રહેશે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ભાડે આપવાનો છે
રાયસણ પેટ્રોલ પંપની સામે ગેટ-વે, આઠમાં માળ, સેમી ફર્નીચર ફ્લેટ ભાડે આપવાનો છે.
સંપર્ક માટે
૯૮૨૪૦ ૭૭૨૪૦

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com